સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

પ્રવેશોત્સવ - વનમહોત્સવ રોપાય છે,
ને અંદાજી આંકડે ઉત્સવો ઉજવાય છે.
ઉગતું નથી કંઈ આ સરકારી રણમાં -
વિકાસની ભૂંગળે ભવાઈ ભજવાય છે...
(પત્રકો પરની પ્રગતિના પડઘા)

નથી ચાલતી ?!
પાટા વિનાની ટ્રેન - ?
યેન્જ ઈન્જિન...
(મુખ્યમંત્રીશ્રી ની 'બદલી' ના ભણકારા)

ધરી ધા ઢાલ -
જ્ઞાતિ ને સમાજની -
પાડો ભાગલા...

ચિંતન

ક્ષુદ્રોદ્રવસ્ય કટુતાં પ્રકટયતો વિદ્ધાતશ્ચ મદમુર્ચ્ચૈઃ ।
મધુનોડધમપુરુષસ્ય ચ ગરિમા લઘિમા ચ ભેદાય ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

અધમ જન મધ જેવો છે, જેમ મધ ક્ષુદ્રા (મધપૂડા)માંથી પેદા થાય છે તેમ અધમ ક્ષુદ્ર - હલકાથી પેદા થાય છે, જેમ મધુ કટુતા-લૂખા સ્વાદને પ્રાપ્ત કરે છે તેમ અધમ જન કટુતા-કડવાં વચન પ્રગટ કરે છે. જેમ મધ સારા મદને પેદા કરે છે તેમ અધમ જન મદ-ગર્વને પેદા કરે છે, એ રીતે મદની જેમ હલકો માણસ મોટો કે નાનો બને, તે બીજાને ભેદ કરવા માટે જ જાય છે.

માનવી નીચ-હલક-ક્ષુદ્ર પરિવારમાં જન્મ લે એટલે કે અસંસ્કારી કુળ-પરિવારમાં જન્મે પછી તે પણ એવા જ સંસ્કારને પ્રાપ્ત કરે છે. મધ અનેક પ્રકારની કડવી દવાની સંગતમાં કટુતા પ્રાપ્ત કરે છે.

સુવિચાર

- ગરીબી અમીરી હૈ કિસ્મત કા સૌદા, મિલો આદમી કી તરહ આતમી સે... - **અકબર જલાલાબાદી**
- તાંદુલની પોટલી ઝૂંટવી લઈને પછી જ સોનાની સુદામાપુરી આપવાની ઈશ્વરની જૂની આદત છે - **હરિભાઈ કોઠારી**
- અજ્ઞાની માણસ એ છે કે જેને ખબર નથી કે એ કેટલો જ્ઞાની છે, જ્ઞાની માણસ એ છે, કે જને ખબર છે કે કેટલો અજ્ઞાની છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- ભૂતકાળને જે ભૂલી જાય છે તેમને તે ફરીથી જીવવાની સજા ભોગવવી પડે છે - **વજુ કોટક**
- છેવટે તો આપણે દુશ્મનના શબ્દ નહીં, મિત્રનું મૌન યાદ રાખવું જોઈએ - **કાંતિ ભટ્ટ**
- સદાચાર વિના સદ્‌વિચાર નથી - **ડોંગરેજી મહારાજ**
- આજનું ઔષધ : માલકાંગણીના પાંદડાને કાળી મરી સાથે વાટી તેનો લેપ એક્ઝિમા પર લગાવવાથી તરત રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સાચા સંતને મળવા રાજા ગયા. સંતે આશીર્વાદ આપતા કહ્યું, 'તમે સિપાઈ બની જાવ' રાજાને ગમ્યું નહીં. બીજે દિવસે રાજગુરુ સંત પાસે ગયા તો સંતે રાજગુરુને કહ્યું, 'તમે અજ્ઞાની બની જાવ.' રાજગુરુ પણ નારાજ થઈ ચાલ્યા ગયા. ત્રીજે દિવસે સંત પાસે નગરશેઠ પહોંચ્યા, સંતે એમને કહ્યું, 'શેઠ નહીં સેવક બની જાવ' ચોથા દિવસે રાજ દરબારમાં સંતે આપેલા આશીર્વાદની ચર્ચા થઈ.

રાજાને થયું કે આ કોઈ સંત નહીં ધૂતારો લાગે છે. એને પકડીને હાજરકરો. રાજાએ સંતને કહ્યું, 'તમે, મારું રાજગુરુનું તથા નગરશેઠનું આશીર્વાદ આપવાના બહાને અપમાન કેમ કર્યું ?' સંત રાજાની વાત સાંભળી હસ્યા. રાજાએ હસવાનું કારણ પૂછ્યું, સંતે જવાબ આપતા કહ્યું, 'મેં જે કહ્યું તે વાતને આપ સમજી શક્યા નથી, સૌ પ્રથમ તો રાજાનું કામ છે રાજયની રક્ષા કરવાનું, પ્રજાના સુખ-દુઃખની દેખભાળ કરવાની એટલે મેં આપને કહ્યું કે, પ્રજાના સુખ-દુઃખની દેખભાળ કરવાની એટલે મેં આપને કહ્યું હતું, કે, સિપાઈ બની જાવ એવી જ રીતે રાજગુરુ જ્ઞાની હોય છે. જેમની પાસે જ્ઞાન હોય તેમનું લોકો સન્માન કરે છે જેનાથી જ્ઞાનીમાં અહંકાર આવી જાય છે પણ જો તે જ્ઞાન હોવાના અભિમાનથી બચેલો રહે તો તે અહંકારથી બચી જાય છે. એટલે જ મેં રાજગુરુને જાહેરમાં અજ્ઞાની બનીને રહેવાનું કહ્યું હતું. હવે રહી વાત નગરશેઠની, તો એમનું કામ છે. ગરીબોની સેવા કરવાનું એટલે મેં એમને સેવક બની જવાનું કહ્યું હતું.' સંતે આગળ સમજાવતા કહ્યું, 'રાજન, હવે તમે જ કહો કે મેં કઈ ખોટું કહ્યું હતું?' સંતની વાત સાંભળી, રાજા, રાજ્યગુરુ તથા નગરશેઠની આંખો ખૂલી ગઈ. અને સંતની ક્ષમા માગી ઈનામ આપી માનભેર વિદાય કર્યા.

કેજરીવાલ કેન્દ્રને પડકારે છે

તંત્રીસ્થાનેથી...

જયારથી અરવિંદ કેજરીવાલ દિલ્હીના રાજકારણમાં સક્રિય થયા છે ત્યારથી તેઓ દેશના બેઉ મુખ્ય રાજકીયપક્ષો - ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસને આંખના કણાની જેમ ખૂંચતા રહ્યા છે. વધુ પડતા મહત્ત્વાકાંક્ષી અને ઉત્સાહી હોવાને લીધે એમણે જરા ગજા બહારનાં નિશાન પણ તાક્યાં. પરંતુ સરવાળે એમને દિલ્હી રાજયની પ્રજાએ પોતાના નેતા તરીકે ઉમળકાપૂર્વક સ્વીકાર્યા છે અને આગામી દિવસોમાં પણ જો થોડો સંયમ જાળવશે તો દિલ્હી પૂરતું એમનું વર્ચસ્વ અકબંધ રહેવાની સંભાવના છે. કેજરીવાલને હેરાન કરવામાં કેન્દ્ર સરકારે કોઈ કસર છોડી નથી. એમની સામે ખરા સત્તાધીશ તરીકે દિલ્હીના લેફ્ટેનંટ ગર્વનરને ઊપસાવાતા રહ્યા, એટલું જ નહીં, અગાઉ મુખ્યમંત્રીને અપાયેલ અધિકારો પણ કેન્દ્ર સરકારે રદ કરી દઈ દિલ્હીના મુખ્યમંત્રીને સાવ જ નહોર વિનાના વાઘ બનાવી દીધા. નહોર નહીં હોવા છતાં વાઘ આખરે વાઘ જ રહે છે, તે ઘુરકીયાં કરીને પોતાની હયાતીનો અહેસાસ તો કરાવતો જ રહેવાનો. કેજરીવાલને પજવવાના તમામ કારસા અંતે એમને પ્રજાકીય સહાનુભૂતિ રળવામાં મદદરુપ થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય સંગઠન કરતાં વધુ ઝીંક આ અદના નેતાએ ઝીલી બતાવી છે. છેલ્લા દિવસો દરમિયાન કેજરીવાલ અને એમના મંત્રી મંડળને બ્યુરોક્રેટ્સ વિરુદ્ધ ધરણાં કરવાની નોબત આવી. વર્તમાન મુખ્ય સચિવનું વર્તન જોહુકમીભર્યું લાગતાં 'આપ' કાર્યકર્તાઓએ એમને લબડધક્કે લીધા, જે લોકશાહી પ્રજાનું કૌવત દર્શાવે છે. આ મુદ્દે આખું વહીવટીતંત્ર કેજરી સરકારની વિરુદ્ધ હડતાળ પર ઊતરી ગયું. આથી પ્રજાના કામો ખોરંભે ચડ્યા, જેની સામે ખુદ મુખ્યમંત્રીએ ધરણાં પર બેસવાની ફરજ પડી. કેજરીને આ નિમિત્તે પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજી, કર્ણાટકના મુખ્યમંત્રી કુમાર સ્વામી અને અન્ય બે મુખ્યમંત્રીીનો સહયોગ સાંપડ્યો. એનડીએના ઘટક પક્ષ અને સત્તામાં ભાગીદાર શિવસેના તથા ડાબેરી પક્ષો ઉપરાંત તમિલનાડુના ડીએમકે પક્ષનો પણ સક્રિય ટેકો મળતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામેનો સંભવિદ મોરચો મજબૂત બનતો જઈ રહ્યો છે. એવું તારણ જરૂર નીકળી શકે. કેન્દ્ર સરકારે કેજરીની ૭, લોકકલ્યાણ માર્ગ ઉર્ફે ૭, રેસકોર્સ રોડ તરફની કૂચ અટકાવવા પોલીસ ખડકી દીધી, મેટ્રો બંધ કરી દીધી, પરંતુ પ્રજા તો હજારોની સંખ્યામાં ઊમટી જ. કેજરીવાલને દિલ્હીને શોભાના ગાંઠિયા જેવું સત્તાવિહોણું રાજય રાખવા માગતા નથી. તેઓ શરૂથી જ એના માટે પૂર્ણ રાજયનો દરજ્જો માગતા રહ્યા છે. કમનસીબે એમને કોંગ્રેસ અને ભાજપ બેઉનો આકરો વિરોધ સહન કરવો પડે છે. રાહુલ ગાંધી કરતાં કેજરીવાલ પ્રત્યે પ્રજાને વિશેષ સહાનુભૂતિ છે, તે કોંગ્રેસથી જીરવાતું નથી, આ મુદ્દો અંતે તો ભાજપ અર્થાત્ નરેન્દ્ર મોદીના લાભમાં જ પરિણમશે !

સર્વની સર્વતોમુખી મુકિત એટલે વિદ્યા

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'ડૉકટર.'
'એન્જીનીયર.'
'ના... ડૉકટર.'
'એકવાર કહયું ને, એન્જીનીયર.'
'ના... મારો લાડકો તો પોલીસ ઈન્સ્પેકટર જ બનશે અને વટ પાડશે.'
'છોડો.... બધી વાતો... ફાર્માસીસ્ટ જ બરાબર છે.' 'છાના માના.... શિક્ષક બની જાવ, પૈસા ય મળશે અને વટ તો આપોઆપ પડશે.'

ધો-૧૨ના રિઝલ્ટ પછી ઘરના તમામ સભ્યો પોતપોતાનો મત રજૂ કરતાં હતા. દીકરો શું બનશે તેની ચર્ચાએ જોર પકડયું હતું. જેને બનવાનું છે તે વિદ્યાર્થીને તો હજી ખબર જ ન હોતી કે આ બધી ચર્ચા શા માટે છે. દર વર્ષની જેમ ધો-૧૨ નું રિઝલ્ટ વાલી માટે મૂંઝવણનું પોટલું લઈને આવતું હોય છે. અપેક્ષા મુજબ ન આવે તેનું નામ જ રિઝલ્ટ. શું કરવું? કયાં જવું? કઈ લાઈન લેવી? કઈ દિશા પકડવી? વગેરે પ્રશ્નોથી મગજ હેન્ગ થઈ જતું હોય છે.

'ડૉકટર બનજે.'
'ના...એન્જીનીયર બનજે....'
'ના... ના... તારે તો પોલીસ ઓફિસર બનવાનું છે.'

'બસ... બસ.... બસ..... હવે મને તો કોઈ સાંભળો. મને તો બોલવા દો. મને તો નકકી કરવા દો. મને તો નિર્ણય લેવા દો કે મારે શું કરવું જોઈએ. મારે શું બનવું છે. મને મારી જાતે,મારી રીતે, મારી દિશા નકકી કરવા દો.' વિદ્યાર્થીએ છેવટે અકળાઈને - હિંમત કરીને બધાને સંભળાવ્યું.

કરુણતા એ છે કે વિદ્યાર્થીને કોઈ પૂછતું જ નથી કે તને શેમાં રસ છે? તારી ઈચ્છા શું છે? તું શું કરવા માગે છે? વિદ્યાર્થીને કયા વિષયમાં રસ છે, નકકી કરે કોણ? કયા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી છે તે કહે કોણ? મોટે ભાગે વિદ્યાર્થી પોતે નકકી નથી કરી શકતો કે તેને કઈ દિશામાં જવું છે. આપણું શિક્ષણ તેમાં સ્હેજ પણ મદદરૂપ થતું નથી. સમગ્ર ગુજરાતના શિક્ષણની વાત કરીએ તો ધોરણ ૧ થી ૧૨ સુધીમાં કયાંય વ્યાવસાયિક કારકિર્દી વિશેનું નિયમિત અને સઘન માર્ગદર્શન મળતું નથી. હા, કેટલાક અપવાદ હોઈ શકે!

જે શિક્ષણ રોજગારી ન આપી શકે તે શિક્ષણ શું કામનું? જે શિક્ષણ સંસ્કારનું સિંચન ન કરી શકે તે શિક્ષણની જરૂર શી ? ડીગ્રી મેળવીને બેકારીની લાઈનમાં જ ઊભા રહેવાનું હોય તો મેળવેલ ડીગ્રી શું કામની? વગેરે જેવા સવાલો આજના યુવા મગજમાં ઘમસાણ મચાવી રહયાં છે. આજે રોજગારી આપે તેવા શિક્ષણની અને સંસ્કારનું સિંચન કરે તેવી કેળવણીની તાતી જરૂર છે. આ દેશનો નવો સળગતો પ્રશ્ન છે : યુવા બેકારીનો. આજનો યુવા વ્યાવસાય કરવાનું સાહસ કેળવી શકે, પોતાનું ગુજરાન ચલાવી શકે, કુટુંબનું ભરણપોષણ કરી શકે તેવા રોજગારલક્ષી શિક્ષણની અનિવાર્યતા છે.

'ડૉકટર અને એન્જીનીયર' આ બે શબ્દોમાં ગુજરાતનું વ્યાવસાયિક શિક્ષણ પૂરું થઈ જતું હોય તેવો વ્હેમ પડે છે. કોઈપણ મા-બાપ પોતાના વિદ્યાર્થી માટે આ બે શબ્દોની આગળ વિચારવાનું સામર્થ્ય ખોઈ બેઠેલા માલુમ પડે છે. હશે, મા-બાપની કેટલીક મર્યાદા હોય તે સ્વાભાવિક છે, પરંતુ બધા શિક્ષકો વ્યાવસાયિક માર્ગદર્શન આપી શકે તેવી ત્રેવડ ધરાવતા ન હોય તેવું બને. પરિણામે ફલાણાએ ફલાણી કોલેજમાં એડમિશન લીધુ એટલે મેં પણ લઈ લીધું. જેવા ગાડરિયા પ્રવાહનો જન્મ થતો હોય છે.

ખરેખર તો પ્રાથમિક કક્ષાએથી જ વ્યાવસાયિક માર્ગદર્શન મળતુ થવું જોઈએ. વિદ્યાર્થી પોતાનું ક્ષેત્ર જાતે પસંદ કરે તેવું વાતાવરણ સર્જાવું જોઈએ.

આગામી પાંચ વર્ષ કે દસ વર્ષ પછી પસંદ કરેલ ક્ષેત્રની કેવી સ્થિતિ હશે તેવું દીર્ઘદૃષ્ટિવાળું માર્ગદર્શન મળવું જોઈએ. વિદ્યાર્થીને નિર્ણય લેવામાં માત્ર મદદરૂપ થવાનું છે. તેમાં પોતાના વિચારો, નિર્ણયો કે અપેક્ષાઓ વિદ્યાર્થી પર ઠોકી બેસાડવાના નથી. વિદ્યાર્થી સાચા અર્થમાં વિદ્યાનો ઉપાસક બને તેવા પ્રયત્નો થાય તો, અર્થ સરે.

મિસરી

'સર્વની સર્વતોમુખી
મુકિત એટલે
વિદ્યા'

(ગુજરાતી કેળવણી પરિષદ)

- santoshdevkar03@gmail.com

વેકેશન તો પૂરું થયું - ચાલો ગોઠવાઈ જાઓ...

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

એય માછલી
મુકો તમારો દરિયો,
એકવેરિયમમાં પહોંચી જાઓ...
ને પંખીઓ
ભૂલો ગગન
પાંજરામાં જાઓ પુરાઈ
ચાલો પુષ્પો
શું કરો છો બગીચે ?
ફુલદાનીમાં ગોઠવાઈ જાઓ..
વેકેશન
તો પૂરું થયું !!!

આજકાલ જયારે શાળાઓ ખૂલી ગઈ છે ત્યારે, આ કવિતા વ્હોટસએપ અને ફેસબુક પર ખૂબ વાયરલ થઈ રહી છે... કમનસીબે આ અછાંદસ કવિતાના કર્તાનું નામ નીચે નથી.... માટે અનામી કવિની આ ચોટદાર કવિતાના ગુમનામ સર્જકને ૨૧ ટોપોની સલામી...

આપણે બધા ભૂતકાળમાં ભૂલકાઓ હતા અને વેકેશનનો આ સુવર્ણમય કાળ આપણે માણ્યો છે, અને આજે હવે માતાપિતા બન્યા પછી આપણા પાલ્યના વેકેશનને જોઈએ છીએ...

આપણી શિક્ષણ પ્રણાલી વિશેની ચર્ચાઓ વર્ષોથી થતી આવી છે, અને હજી બીજા ઘણા વર્ષો સુધી ચાલી આવશે... આપણે વિદ્યાર્થી હતા... ત્યારથી લઈને આખી આપણી બીજી પેઢી વિદ્યાર્થી અવસ્થામાં આવી ગઈ છે, ત્યાં સુધી આ લાંબો સમય શિક્ષણ પદ્ધતિમાં કોઈ ઝાઝો ફેરફાર નથી લાવ્યો... કરિયાણાની દુકાન જેમ મોટા મોટા બીગ બઝાર અને 'ડી' માર્ટમાં ફેરવાતી ગઈ છે, તેમ શાળાઓએ પણ 'ઈન્ટરનેશનલ'ના લેબલ સાથે રુપરંગ નવા ધારણ કર્યા છે... પણ મૂળભૂત રીતે કોઈ ફરક નથી આવ્યો...

શિક્ષણ આપવાની જે પદ્ધતિ આપણે ત્યાં ચાલી આવી છે. તેમાં કોઈ જ પ્રકારનો નવતર અભિગમ હજી સુધી નથી અપનાવાયો...

બાળખની કલ્પનાશક્તિ ખીલે, કલ્પના શક્તિ કેળવાય, જિજ્ઞાસાવૃત્તિ ને શાતા મળે તેવા નક્કર પગલાંઓ ભરતી કોઈ શાળા શિક્ષણ આપે છે ખરી?

પુસ્તકિયા જ્ઞાન આપીને બાળકને માત્ર એક વર્તુળ પૂરતા સમિતિ કરી દેવા કેટલા યોગ્ય છે અનાયાસ અને કોઈ પણ પ્રકારની કટ કટ વગર આપબળે સ્વપ્રયત્ને જે વધે છે, તે પાટુ મારીને બહાર આવે છે...

બાળકોની કલ્પનાશક્તિ અને સ્વાયત્ત અભિગમ ઝૂંટવી લઈને આપણે તો તેમને રોબોટ બનાવતી ફેકટરીઓમાં દાખલ કરી દીધા છે... જયાં તેમને અભ્યાસકમ સિવાયની વાત કરવાની છૂટ નથી... જયા તેમનાં રચનાત્મક ક્રિયાકલાપોને અવકાશ નથી. જયાં નંબરગેમ જ શીખવવામાં આવે છે, માર્કનું ગણિત જ સમજાવવામાં આવે છે.

પ્રેક્ટિકલ જગતમાં આપણે આજે બૂમો પાડીએ છીએ, કે માણસોની માણસાઈ તો મરી પરવારી છે... લોકો સંવેદનહીન થતા જાય છે, આવું બોલીએ ત્યારે આપણે ભૂલી જઈએ છીએ કે આપણે બાળકની સંવેદનાઓને તો બાળપણમાં જ દૂધપીતિ કરી દીધી છે, તો એ જ બાળક કે જે વિશાળ સમુદ્રમાં ગેલ કરતો તરતો રહેવો જોઈએ, તેને એક્વેરિયમમાં શોભાનો ગાંઠિયો બનાવીને સિમિત પાણી આપી દીધું... તો પછી તે જ બાળક મોટો થઈને તો પછી તે જ બાળક મોટો થઈને કયા આધારે વિશ્વ માનવી બની શકવાનો હતો !

લોકભારતી, સણોસરા કે પછી શાંતિનિકેતન જેવી શાળા-મુક્તશાળાઓ આજે હવે કયાં રહી છે? આ વલોપાત માત્ર એક પિતાનો નહીં શિક્ષકનો પણ છે... આ લખવૈયો પોતે એક શિક્ષક જ છે, પરંતુ ભણાવવામાં એવી સ્વતંત્રતા કયાં મળે છે કે, તમે અભ્યાસકમની બહારનું ભણાવી શકે !!

બાળકોની અભિવ્યક્તિ અને મુગ્ધતા, કલ્પનાશક્તિને મર્યાદિત કરવાનું કામ અત્યારની પદ્ધતિ કરી રહી છે... અને માતા-પિતા તરીકે આપણે પણ બાળકો પાસેથી જે પાર વગરની આપણી ઈચ્છીએ થોપીને છીએ, તે આઘાતજનક છે...

શાળા આરંભ થવાના દિવસો નજીક આવતા જાય તેમ તેમ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધતો હોય, તેમને ઘરે કંટાળો આવતો હોય અને સ્કૂલનું વાતાવરણ યાદ આવતું હોય તેવા વિરલ કિસ્સા તો એકલદોકલ જ બચ્યાં હશે....

આજે જયારે શિક્ષણ નર્યો વેપાર બની ગયો છે, ત્યારે બજારમાં બાળખને વેપારીઓ વચ્ચે એકલો અટૂલો મૂકી દેવાનો છે... પોતાનો પ્રાણપયારો મુન્નો કે મુન્ની નિશાળમાં તો માત્ર રોલનંબરથી જ ઓળખાવાના છે...

આજે Education ની વ્યાખ્યા બદલાઈ રહી છે અને જો હજુ આપણે જૂની ઘરેડમાંથી બહાર નહીં આવીએ તો આવતી પેઢીના ગુનેગાર ઠરશું. હવે વર્ગખંડ વિશ્વવ્યાપી બની રહેવાનો છે. આજના વિદ્યાર્થી પાસે Google દેવતા છે... તેની જિજ્ઞાસાને શાતા આપવાનું કાર્ય શાળાઓએ કરવાનું છે. અંતમાં ઈલેકટ્રોનિક યુગના દ્રષ્ટ્રા એવા માર્શલ મેકલુહાનની પંક્તિઓ યાદ આવે છે...

Some day, all of us will spend
our lives in our own school,
and that school will be the world.
And education – in the sense of learning
to love, to grow, to change – can become
not the woeful preparation for some job,
that makes us less than we could be
Education is very essence, the joyful
whole of existence itself."

- jayuoza@gmail.com,
Mo. 9898046488

પ્રેમ - વિશ્વબંધુત્વની ભાવના - વસુધેવકુટુંબકમ્

મોરારિ બાપુએ રામકથા 'માનસ - પ્રેમ' શીર્ષકથી પણ કરી છે. રામાયણની ચોપાઈ જોઈએ.

હરિ વ્યાપક સર્બત્ર સમાના ।
પ્રેમ તે પ્રવાહ હોહિં મૈં જાના ॥
અગ જગમય સબ રહિત બિરાગી ।
પ્રેમ તે પ્રભુ પ્રગટઈ જિનિ આગી ॥
'સબસે ઉંચી પ્રેમ સગાઈ'

થોટ
નટવર આહલપરા

સમગ્ર વિશ્વમાં પ્રેમના સંબંધથી તો આપણે સૌ જીવી રહ્યા છીએ. કહેવાયું છે ને કે, 'સ્નેહની કડી સૌથી વડી' સ્નેહનો પ્રેમનો તાંતણો જ વિશ્વબંધુત્વની ભાવના આપણામાં જન્માવે છે. એકવીસમી સદીનો પ્રેમ 'પ્રેમ' છે. આપણે પ્રેમ સ્વરુપ હોવા છતાં પણ, એ પ્રેમ પ્રગટ નથી થઈ શકતો, કારણ છે અનૃત. અનૃત એટલે અસત્ય. અસત્ય આવે છે ત્યારે પ્રેમપ્રવાહ કુંઠિત થઈ જાય છે. આપણા હોઠ જેટલા બચે એટલી પ્રેમની ધારા વધશે અને 'વસુદેવ કુટુંબકમ્' ની ભાવના પ્રગટશે.

રિચાર્ડ વેન્ગર નામના મહાન જર્મન સંગીતશાસ્ત્રીએ કહે છે કે, આ જગતમાં જો કંઈ પણ મૂલ્યવાન હોય તો તે પ્રેમ છે. કોઈ પણ ચીજને કિંમત બક્ષનારો પણ પ્રેમ છે. ઘણા લોકો પોતાના જીવનમાં કડક નિયમો, શિસ્ત અને કાનૂનને વધુ પડતું મહત્ત્વ આપે છે. અવનવી ચીજો, આભૂષણો, મોટા બંગલા અને મોટરને મેળવવા દોટ મૂકે છે. આ બધીજ ચીજો તમારી પાસે હોય અને તમારી પાસે પ્રેમ ન હોય તો આ બધી ચીજો ફોગટ છે. માણસ સુખ અને દુઃખમાં પણ શાંત રહી શકે છે - જો તેને પ્રેમ મળતો હોય. પ્રેમ અમૃત છે. પ્રેમ પ્રગટ થતાં જ પરમાત્માનું પ્રાગટ્ય થઈ જશે. પ્રેમથી વિશ્વબંધુત્વની ભાવના કેળવીએ. પ્રેમની ગંગા વહાવીએ.

રોજ-બ-રોજ ઉપયોગમાં લેવાતા મરચાંની ચટપતી વાતો

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'મસાલીયા' માં મસાલા ભરતા શીખો, સિઝન આવે એટલે હીંગ - ધાણાજીરુ - હળદર મરચું યોગ્ય જગ્યાએથી ખરીદીને આખા વરસના ખરીદવા જોઈએ બેટા.'

હસુબાએ દીકરીની દીકરીને સમજાતું.... અને દીકરી સ્ટીલના મસાલીયામાં મસાલા ભરતા શીખી પણ ખરી.

એક સમયે મસાલાનું બોક્સ લાકડાનું આવતું એટલે લકડીયું કહેવાયું હવે તો વિવિધ ધાતુના ને કારના બને પણ કહેવાય તો મસાલીયું જ !!

ગામડા અને નાના શહેરોમાં આજે પણ મસાલા વરસના ખરીદાય - મોટા શહેરોમાં હવે ધીમે ધીમે આ બધું વિસરાતું ચાલું છે ને તમામ મસાલા પ્લાસ્ટિક પેકેટમાં તૈયાર મળતા થયા છે અનેક બ્રાન્ડ નેઈમ સાથે, ને લોકો પણ એનાથી ટેવાયા થયા છે.

ઉનાળાની સિઝન મસાલાની સિઝન તરીકે ઓળખાયછે અને હળદર - જીરુ - ધારાજીરુ - ગરમ મસાલો - અજમો - વરિયાળી - તલ - રાઈ - મેથી - હીંગ વગેરે કરીદવાની આ મૌસમમાં લોકો ખરીદીને આખા વર્ષ માટેનો વપરાશ મુજબનો સંગ્રહ કરી રાખે છે.

એક સમય હતો કે જયારે ઉનાળામાં વેકેશનના દિવસોમાં ઘરના કમ્પાઉન્ડરમાં જ આખા મરચા ખરીદીને લાવવામાં આવતા અને એને ખાંડનારા સ્પેશિયલીસ્ટો ઘરે આવીને બે દિવસમાં મરચા ખાંડીને એનો પાઉડર તૈયાર કરી આપતા જે બરણીમા ભરવામાં આવતો. ગુજરાતી ભોજનની થાળીમાં મસાલાનું પ્રભુત્વ વધુ જોવા મળે છે ને એમાં પણ મરચાની મજા તો ઔર જ છે.

અભ્યાસુઓ પાસેથી જાણવા મળેલી વિગતો અનુસાર મરચાની કુલ મળીને એક હજારથી વધુ જાન બજારમાં ઉપલબ્ધ છે, આ પૈકી ગુજરાતમાં ૮ થી ૧૦ જાતના મરચા મળે છે.

(૧) દેશી શેરથા મરચા જેવી જાત લાંબી જોવા મળે છે.

(૨) ગોલર મરચા જે સૌરાષ્ટ્ર પંથકમાં ગોંડલ અને ચુડા તરફ વધુ માત્રામાં પાકે છે અને એને ખાનારો વર્ગ પણ સૌરાષ્ટ્ર તરફ વધુ છે.

(૩) રેશમપટ્ટી મરચુ જે મુખ્યત્વે આંધ્રપ્રદેશ અને ગુજરાતમાં પાકે છે.

(૪) રેશમપટ્ટો મરચું પણ ગુજરાતમાં જોવા મળે છે.

(૫) ગુજરાત મહારાષ્ટ્ર બોર્ડરના ગામ નંદરબારથી પટ્ટણી મરચું આવે છે ગુજરાતમાં.

(૬) કાશ્મીરની સરઝમી પરથી કાશ્મીરી મરચુ આવે છે જેની જાત દેશી તીખા મરચા તરીકેની ઓળખ ધરાવે છે.

(૭) સ્વાદમાં આવું જ તીખું એક મરચું આવે છે જે ગંટુરી મરચા તરીકે ઓળખાય છે.

(૮) કાશ્મીરી મરચાની એક જાત બેરગી છે જે સ્વાદમાં સાવ મોળું લાગે છે.

(૯) કાશ્મીરી મરચાની એક વધુ જાત ડબ્બી તરીકે ઓળખાય છે.

(૧૦) સૌથી વધુ તીખું મરચું તેજા છે જે લવીંગીયા તરીકે પણ ઓળખાય છે અને જો સીધું ખવાઈ જાય તો પેટમાં લ્હાય બળે છે ને શરીર પરસેવે રેબઝેમ થઈ જાય છે.

વપરાશકારો - ગૃહિણીઓ સહુ પોતપોતાના દેશકાળ પ્રમાણેના રસ-રૂચિ અનુસાર જુદા જુદા પ્રકારના મરચાનો ઉપયોગ ખાદ્ય સામગ્રી તરીકે કરે છે. મોટા ભાગે જેમને સ્વાદિષ્ટ રસોઈના ચટકા છે તેવા પરિવારોમાં કોઈ એક જાત નહિ, બલ્કે અલગ અલગ જાતના મરચા મિશ્ર કરવામાં આવે છે અને પછી તે ખાંડવામાં આવે છે અથવા મશીનમાં દળવામાં આવે છે, આ પ્રક્રિયા પછી મળતો મરચાનો પાઉડર રોજિંદા વપરાશમાં લેવાય છે.

મરચાની જાત પ્રમાણે એના ભાવ બોલાય છે, ડીટાવાળું મરચું રૂા. ૧૫૦ અને ડીટા વગરનું મરચું રૂા. ૨૦૦ આસપાસ કિલોના ભાવે સિઝનમાં વેચાય છે. લાલ મરચું સામાન્ય રીતે સિઝનમાં જ થાય છે. કાચો માલ બારેમાસ મળી રહે છે. જયારે સિઝનનું મરચું અથવા - રસોઈમાં વપરાય છે.

થોડા સમય પહેલા ગાંધીનગર જિલ્લાના શેરથા ગામે મસાલા બજાર લાગે છે તેમાં જવાનું થયું ને આ મસાલા વિશે વિશેષ જાણકારી મળી.

રસોઈ કળામાં પારવધા લોકો યોગ્ય ગુણવત્તાના અસલી મસાલાના ઉપયોગ દ્વારા રસોઈને સ્વાદિષ્ટ બનાવી જાણે છે. મસાલાની ડબ્બી ખુલે ને ઘર આખામાં સુગંધ ફેલાઈ જાય એ અનુભવ પણ માણ્યો છે. મસાલા દ્વારા ભોજનનો રસ - રંગ - રૂપ મળે છે ને સ્વાદના રસીયાઓ માટે જાણે ચટાકેદાર વાનગીઓના થાળ હાજર થાય છે. મસાલા આખરે પ્રકૃતિની દેન છે ને એને ગુણવત્તાયુક્ત બનાવવામાં જોડાય છે પુરુષાર્થ. આમ અહીં પ્રકૃતિ અને પુરુષાર્થની સાથે સોડમના અજવાળા રેલાય છે.